# સરસ્વતીના ફોજદારી ન્યાયાધીશ પ્રથમ વર્ગનાં ન્યાયાલયમાં

કુ.મેધાબેન મહેશકુમાર નવધરે, ફોજદારી ન્યાયાધીશ પ્રથમ વર્ગ, સરસ્વતી

(ચુકાદાની તારીખ : ૧૩–૦૭–૨૦૨૬)

ફોજદારી કેસ નંબર :– ૧૪૩૧/૨૦૨૪

આંક :–૨૯

| ગુનાની વિગતો | |
|---|---|
| પોલીસ સ્ટેશન | સરસ્વતી પોલીસ સ્ટેશન |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૧૭૦૪૧૨૪૦૩૦૮/૨૦૨૪ |
| ગુનો | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૫, ૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબ |
| ફરિયાદી | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી | શ્રી ડી.એમ. ઠક્કર |
| આરોપીઓ | ૧. આર્યનજી ભવનજી ચંદુજી ઠાકોર<br>૨.ગોપાલજી ઉર્ફે કરણજી જવાનજી ઠાકોર<br>૩. ભૈલુજી ઉર્ફે મહેશજી જવાનજી ઠાકોર<br>રહે. તમામ બાલવા, તા. સરસ્વતી. જી.પાટણ. |
| આરોપીઓ તરફે વિ. વ.શ્રી | શ્રી એસ.એસ.ઠાકોર |

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | ૨૭.૦૫.૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૮.૦૫.૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૨૨.૧૦.૨૦૨૪ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૧૬.૧૨.૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૨.૦૬.૨૦૨૬ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૦૩.૦૭.૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૩.૦૭.૨૦૨૬ |
| સજાની હુકમની તારીખ (લાગ પડે તો) | –– |

**આરોપીઓની વિગતો**

| આ. નં. | આરોપીઓ ના નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | ક્યા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર? | શું સજા કરી? | ફો.કા.સં. ની કલમ ૪૨૮ મુજબ સુનવણી દરમ્યાન અટકાયત નો સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | આર્યનજી ભવનજી ચંદુજી ઠાકોર | –– | –– | ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૩, ૩૨૫, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. | નિર્દોષ છોડયા | –– | –– |
| ૨ | ગોપાલજી ઉર્ફે કરણજી જવાનજી ઠાકોર | | | | | | |
| ૩ | ભૈલુજી ઉર્ફે મહેશજી | | | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | જવાનજી ઠાકોર | | | એકટની કલમ ૧૩૫ મુજબ . | | | |

## :: ચુકાદો ::

### (૧) ફરિયાદપક્ષે ટૂંકમાં હકીકત તથા પોલીસ કાર્યવાહી :–

આ કામે ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી પોતાના ગલ્લાં ઉપર હાજર હતા ફરિયાદીના ભાઈ ભરતજી ગામમાં તેલ લેવા આવેલ તે વખતે તહો. નં.૧,૨,૩ નાઓ આવેલા એ ફરિયાદીના ભાઈ સાથે વાતોવાતમાં મસ્તી કરતા હોઈ જેથી ફરિયાદીના તેઓના પાસે જઈ મારા ભાઈ સાથે કેમ માથાકૂટ કરો છો તેમ કહેતા તહો. ઉશ્કેરાઈ જઈ ફરિયાદીને ગાળો બોલવા લાગેલા. ફરિયાદી કેમ ગાળો બોલો છો આ ત્રણેય જણા નજીકમાંથી જેમાં આર્યનનાઓ પાઈપ લઈ આવેલ ફરિયાદીને બરડાના ભાગે મારેલ તથા મોઢાના ભાગે ફેટો મારેલ અને ફરિયાદીના મોઢામાં દાંતની તકલીફ હોય જેથી દાંત તૂટી ગયેલ અને તહો. નં.૨,૩ ગોપાલજી તથા ભૈલુજીનાઓએ ફરિયાદી તથા સાહેદને ગડદાપાટુનો માર મારેલ અને જતા જતા કહેતા હતા કે આજે તો બચી ગયો છો પરંતુ લાગ આવી જતા જાનથી મારી નાખવાની ધમકી આપતા ગયેલા અને ગુનો કરવામાં એકબીજા મદદગારી કરી મે.જિલ્લા મેજી.સા.પાટણનાઓના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ હોવાની ફરિયાદ સરસ્વતી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ છે. સદર ગુનાના કામે ત.ક.અ.શ્રીએ તપાસનાં કામે જરૂરી પંચનામા કરી, સાહેદોના નિવેદન લીધેલ તેમજ આરોપીઓ વિરૂધ્ધ ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૪૧(અ)૧ મુજબની કાર્યવાહી કરેલ અને તપાસના અંતે

આરોપીઓ વિરૂધ્ધ પૂરતો પુરાવો જણાઈ આવતા આખરી અહેવાલ દાખલ કરેલ છે.

## (૨) ગુનાનું સંજ્ઞાન તથા તહોમતનામું :–

મ્હે. પુરોગામી ન્યાયાધીશશ્રીએ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૫, ૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટની કલમ ૧૩૫ મુજબના ગુના અંગે કોગ્નીઝન્સ લઈ સમનસ કાઢવાં હુકમ કરેલ. આરોપીઓ ન્યાયાલય સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આંક–૦૫ થી તહોમતનામું ફરમાવી વાંચી, સંભળાવી સમજાવી આંક–૬, ૭ અને ૮ થી આરોપીઓનો ગુનાની કબુલાત અંગે જવાબ નોંધવામાં આવેલ. આરોપીઓએ ગુનો કબૂલ કરવાનો ઈન્કાર કરતાં આરોપીઓ વિરૂધ્ધ ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

## (૩) ફરિયાદપક્ષ તરફે પુરાવો :–

આરોપીઓએ તેઓ વિરૂધ્ધનો આક્ષેપિત ગુનો કબૂલ નહી કરતા ફરિયાદપક્ષે પુરાવો રજુ કરેલ.

### મૌખિક પુરાવો

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરિયાદી સુરેશજી બાબુજી ઠાકોરની જુબાની | ૧૮ |
| ૦૨ | સાહેદ ભરતજી બાબુજી ઠાકોરની જુબાની | ૨૦ |

| | | |
|---|---|---|
| ૦૩ | ત.ક.અધિકારી જગતસિંહ રામાજીની જુબાની | ૨૭ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૦૧ | અસલ ફરિયાદ | ૧૯ |
| ૦૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૨૧ |
| ૦૩ | મારક હથિયારનું પંચનામુ | ૨૨ |
| ૦૪ | મેડીકલ સર્ટીફીકેટ | ૨૩ |
| ૦૫ | જાહેરનામુ | ૨૪ |
| ૦૬ | ડેપ્યુટ હુકમ | ૨૫ |

**(૪) વિશેષ નિવેદન :–**

સદર કામે ફરિયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયા બાદ આરોપીઓને ખુલાસો કરવા તક આપવા જેવો પુરાવો આવતો ન હોઈ ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૫) દલીલો :–**

બાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓના વિ. વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ.

**(૬) મુદ્દા તથા તેના ન્યાયિક નિર્ણય :–**

સદર કામે રજુ થયેલ પુરાવા, કેસની હકીકત, કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ કેસનાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

| ક્રમ | મુદ્દા | ન્યાયિક નિર્ણય |
|---|---|---|
| ૦૧ | શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદી પોતાના ગલ્લાં ઉપર હાજર હતા ફરિયાદીના ભાઈ ભરતજી ગામમાં તેલ લેવા આવેલ તે વખતે તહો. નં.૧,૨,૩ નાઓ આવેલા એ ફરિયાદીના ભાઈ સાથે વાતોવાતમાં મસ્તી કરતા હોઈ જેથી ફરિયાદીના તેઓના પાસે જઈ મારા ભાઈ સાથે કેમ માથાકૂટ કરો છો તેમ કહેતા તહો. ઉશ્કેરાઈ જઈ ફરિયાદીને ગાળો બોલવા લાગેલા. ફરિયાદી કેમ ગાળો બોલો છો આ ત્રણેય જણા નજીકમાંથી જેમાં આર્યનનાઓ પાઈપ લઈ આવેલ ફરિયાદીને બરડાના ભાગે મારેલ તથા મોઢાના ભાગે ફેટો મારેલ અને ફરિયાદીના મોઢામાં દાંતની તકલીફ હોય જેથી દાંત તૂટી ગયેલ અને તહો. નં.૨,૩ ગોપાલજી તથા ભૈલુજીનાઓએ ફરિયાદી તથા સાહેદને ગડદાપાટુનો માર મારેલ અને જતા જતા કહેતા હતા કે આજે તો બચી ગયો છો પરંતુ લાગ આવી જતા જાનથી મારી નાખવાની ધમકી આપતા ગયેલા અને ગુનો કરવામાં એકબીજા મદદગારી કરી મે.જિલ્લા મેજી.સા.પાટણનાઓના જાહેરનામાનો ભંગ ગુન્હો કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૫, ૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ | નકારમાં |

| | | |
|---|---|---|
| | તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? | |
| ૦૨ | શું હુકમ? | આખરી હુકમ મુજબ. |

(૭) **નિર્ણય માટેના કારણો :–** મુદ્દા નં. ૧ અને ૨ :

**(૭.૧)** આ કામે આરોપીઓ સામેનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો મૂળભૂળ સિધ્ધાંત છે કે, જ્યાં સુધી આરોપી સામેનો ગુન્હો સાબિત ન થાય ત્યાં સુધી તે નિદોર્ષ છે તેવું માનવું જોઇએ અને ફરિયાદપક્ષે આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદપક્ષ ના સકારાત્મક પુરાવાથી વ્યાજબી શંકાથી પરે સાબિત કરવું જોઇએ.

**(૭.૨)** આ કામે આરોપીઓ વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવા ફરિયાદપક્ષ તરફથી **ફરિયાદી સુરેશજી બાબુજી ઠાકોરએ આંક–૧૮** થી સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તેઓ બાલવા મુકામે રહે છે અને ખેતીકામ કરે છે. બનાવ બેએક વરસ પહેલા બનેલો તે વખતે તેઓ સાંજે તેમના ગલ્લા ઉપર હતા અને તેઓનો ભાઇ ભરતજી બાબુજી ઠાકોર તેઓની ગામની દુકાને તેલ લેવા ગયેલો તે વખતે તેઓના ગામના આર્યનજી ભવાનજી તથા ગોપાલજી જવાનજી તથા ભચલુજી જવાનજી આવેલા અને તેઓના ભાઇ સાથે વાતોવાતમાં મસ્તી કરતા હોઇ તે બાબતે તેઓને સામાન્ય બોલાચાલી થયેલ તેમજ તેઓને કોઇ પાઇપ વડે મારેલ હોય કે ફેટો મારેલ હોય કે ગડદાપાટુનો માર મારેલ હોય કે ગાળો બોલેલ તેવુ બનેલ નથી કે

જાનથી તેઓને નાંખવાની ધમકી આપેલ નથી આવેશમાં આવીને તેઓને ફરીયાદ આપેલી જેમા તેઓની સહી ઓળખી બતાવે છે જે અસલ ફરિયાદ આંક–૧૯ થી રજુ થયેલ છે. આરોપીને તેઓ ઓળખે છે. જે નામ.કોર્ટમા હાજર છે તે જ છે. સદર ફરિયાદી ફરિયાદને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરિયાદીને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં તેઓની જુબાનીમાંથી કોઈ ફળદાયક તથ્ય રેકર્ડ પર લઈ આવી શકેલ નથી. સદર ફરિયાદીએ તેમની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરી જણાવે છે કે, આરોપીઓ તેઓના ગામના હોઇ તેમને ઓળખે છે. તેઓને સામાન્ય બોલાચાલી થયેલી. આરોપીઓએ તેઓને કોઈ પાઈપ વડે માર મારેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. તેઓ હાલે સારીરીતે હળીમળીને રહે છે અને તેઓને કોઇ જાતની તકરાર નથી. તેઓની સાથે આવેલા લોકોએ ફરીયાદ આપેલી તેઓએ તેમા સહી કરેલી. ડોકટર રૂબરૂ તેઓએ કોઇ હીસ્ટ્રી લખાવેલ નથી.

**(૭.૩)** ત્યારબાદ ફરિયાપક્ષ તરફથી **સાહેદ ભરતવસ બાબુજી ઠાકોરએ આંક–૨૦ થી** સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તેઓ બાલવા મુકામે રહે છે. તેઓ બાવલા મુકામે રહે છે અને ખેતીકામ કરે છે. બનાવ એકબે વરસ પહેલાં બનેલો તે વખતે તેઓના ભાઈ સુરેશજી સાંજે ગલ્લાં ઉપર હતા અને તેઓ તેમની ગામની દુકાને તેલ લેવા ગયેલા તે વખતે તેઓના ગામના આર્યનજી ભવાનજી તથા ગોપાલજી જવાનજી તથા ભચલુજી જવાનજી આવેલા અને તેઓની સાથે વાતોવાતમાં મસ્તી કરતા હોઈ તે બાબતે તેઓને સામાન્ય બોલાચાલી ગયેલી તેમજ તેઓને કોઈ પાઈપ વડે

માર મારેલ હોય કે ફેટો મારેલ હોય કે ગડદાપાટુનો માર મારેલ હોય કે ગાળો બોલેલ તેવું બનેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. આવેશમાં અવીને તેઓના ભાઇએ ફરિયાદ આપેલી. આરોપીને તેઓ ઓળખે છે જે નામ.કોર્ટમાં હાજર છે. સદર સાહેદ ફરિયાદને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં તેઓની જુબાનીમાંથી કોઈ ફળદાયક તથ્ય રેકર્ડ પર લઈ આવી શકેલ નથી. સદર ફરિયાદીએ તેમની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરી જણાવે છે કે, આરોપીઓ તેઓના ગામના હોઇ તેમને ઓળખે છે. તેઓને સામાન્ય બોલાચાલી થયેલી. આરોપીઓએ તેઓને પાઈપ વડે માર મારેલ નથી કે ફેટા મારેલ નથી કે ગડદાપાટુનો માર મારેલ નથી કે ગાળો બોલેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. તેઓ હાલે સારીરીતે હળીમળીને રહે છે અને તેઓને કોઇ જાતની તકરાર નથી.

**(૭.૪)** ત્યારબાદ ફરિયાપક્ષ તરફથી **તપાસ કરનાર અધિકારી જગતસિંહ રામાજીએ આંક–૨૭** થી સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, ગઇ તા.૨૮.૦૫.૨૦૨૪ ના રોજ તેઓ સરસ્વતી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. તે દરમ્યાન સરસ્વતી પો.સ્ટે.સે.ગુ.રજી.નં. ૧૧૨૧૭૦૪૧૨૪ ૦૩૦૮/૨૦૨૪, ઈ. પી. કો. કલમ–૩૨૩,૩૨૫, ૨૯૪–ખ, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાની દાખલ કરી આગળની તપાસ તેઓને સોંપતા તપાસ સંભાળી લીધેલ. જે ડેપ્યુટ હુકમ આ કામે આંક–૨૮ થી રજુ થયેલ છે. ત્યારબાદ તપાસના કામે ગુનાવાળી જગ્યા તથા મારક હથીયારનુ પંચનામુ પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલ તેમજ

આ ગુનાના લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબના લખી લીધેલા તથા આ કામે સરવાર સર્ટી મેળવીને કામમાં સામેલ રાખેલ તેમજ જિલ્લા મેજી.પાટણનાઓનુ જાહેરનામુ મેળવીને કામમા સામેલ રાખેલ તથા આરોપીઓને સીઆરપીસીની કલમ–૪૧(ક)૧ મુજબની નોટીસ આપેલ અને આરોપીઓ હાજર થતા નામ. સુપ્રિમકોર્ટની ગાઇડલાઇન મુજબ મુકત કરેલા અને આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો પડતો હોઇ નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલ આરોપીઓને તેઓ ઓળખે છે જે નામ.કોર્ટમાં હાજર નથી બચાવ પક્ષે ઓળખની તકરાર નથી. જયારે બચાવપક્ષ દ્વારા સદર ત.ક.અધિકારીની ઉલટતપાસ કરતા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંકના મકાનો તથા દુકાનો આવેલી છે અને ત્યાંના લોકોના નિવેદન લીધેલ નથી. વધુમાં ડીનાઈલ સ્વરૂપે ઉલટતપાસ કરવામાં આવેલ છે.

## (૮) **આખરી તારણ :**

ન્યાયિક સિધ્ધાંતો તથા કાયદાકીય જોગવાઈઓ મુજબ આરોપીઓ વિરૂધ્ધનો ફોજદારી ગુનો વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે. આ કામે રજુ થયેલ ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં સદર કામે તપાસેલ ફરિયાદી તથા સાહેદોએ તેમની ફરિયાદમાં જણાવેલ હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને ફરિયાદવાળો બનાવ બનેલાની હકીકતને લેશમાત્ર સમર્થન કરતો પુરાવો આપેલ નથી અને એવું જણાવેલ છે કે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી. આરોપીઓએ તેઓને કોઇ પાઈપ વડે માર મારેલ નથી કે ફેટો મારેલ નથી કે

ગડદાપાટુનો માર મારેલ નથી કે ગાળો બોલેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. તેઓ હાલે સારીરીતે હળીમળીને રહે છે અને તેઓને કોઇ જાતની તકરાર નથી તેમજ આવેશમાં આવીને ફરિયાદ આપેલી તેમ જણાવેલ છે. તેથી ફરિયાદી તેમજ સાહેદ પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી. જેથી ફરિયાદીના પુરાવાથી ફરિયાદ હકીકત પુરવાર થતી નથી. વધુમાં આ કામે ફરિયાદપક્ષે રજુ થયેલ ગુનાવાળી જગ્યાનું પંચનામુ, મારક હથિયારનું પંચનામુ, મેડીકલ સર્ટી તથા જાહેરનામું આરોપીઓના વિ.વકીલશ્રી સદર દસ્તાવેજોને ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૫૮ તથા ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ ૨૯૪ મુજબ કબુલ રાખેલ હોય તેને અનુક્રમે ૨૧ થી ૨૪ આપવામાં આવેલ છે. પરંતુ ઉપરોકત દસ્તાવેજોથી જે હકીકત રેકર્ડ પર આવેલ છે તે હકીકતથી વિપરીત આ કામના ફરિયાદીએ તથા સાહેદોએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે. તેથી આ કામના આરોપીઓને ગુના સાથે સાંકડી શકાય તેવી કોઈ મહત્ત્વની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

વધુમાં આ કામના ત.ક.અ.શ્રીએ તેઓની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીને અનુરૂપ પુરાવો આપેલ છે. પરંતુ જ્યારે ફરિયાદી પોતે જ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય ત્યારે માત્ર ત.ક.અ.શ્રીના પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. જે તમામ ચર્ચાને ધ્યાને રાખી આ કામના આરોપીઓ વિરુદ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૫, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબના આક્ષેપયુકત અપરાધને વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં. ૧ નકારાત્મક

ઠરાવી, મુદ્દા નં. ૨ માટેનો નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

(૧) આ કામના આરોપીઓ (૧) આર્યનજી ભવનજી ચંદુજી ઠાકોર, (૨) ગોપાલજી ઉર્ફે કરણજી જવાનજી ઠાકોર તથા (૩) ભૈલુજી ઉર્ફે મહેશજી જવાનજી ઠાકોર, રહે. તમામ બાલવા, તા. સરસ્વતી, જિ.પાટણવાઓને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૩૨૫, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫ મુજબના ગુનામાંથી ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ ૨૪૮(૧) અન્વયે પૂરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરેલ મુદ્દમાલનો અપીલ સમય વિત્યે બાદ નિયમ અનુસાર નાશ કરવો.

(૩) આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ ની કલમ ૪૩૭(એ) અન્વયે અપીલ થયે અપીલના કામે હાજર રહેવા, સદર હુકમના તારીખથી છ માસના સમયગાળા માટે રૂપિયા ૧૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પૂરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભાળવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૩.૦૭.૨૦૨૬

મુકામ : સરસ્વતી

JJN/-

**(કુ.મેધાબેન મહેશકુમાર નવધરે)**

ફોજદારી ન્યાયાધીશ પ્રથમ વર્ગ,
સરસ્વતી [GJ01715]